# જામનગરમાં પોલીસ ભરતી પ્રક્રિયાની તૈયારીઓ પૂર્ણ, રેન્જ આઈ.જી. દ્વારા નિરીક્ષણ

## આજે ૭૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે : કુલ ૪૨,૦૦૦ ઉમેદવારો માટેની તૈયારી : ૨૫૦થી વધુનો પોલીસ બંદોબસ્ત






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ગ્રાઉન્ડ ખાતે પોલીસ ભરતીની શારીરિક ક્સોટીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. અને ગઈકાલે સાંજે રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની અને ચેલા-સેકટર -૧૩ ના એસ.આર.પી. ગ્રુપના સેનાપતિ કોમલ વ્યાસ સહિતના અધિકારીઓએ ગ્રાઉન્ડની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું.

શારીરિક ક્સોટી આજે તા ૨૧ જાન્યુઆરીથી શરૂ થઇ છે, આ ભરતી પ્રક્રિયા આશરે દોઢ મહિના સુધી ચાલશે. જામનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે ૪૨,૦૦૦થી વધુ ઉમેદવારો ભરતી પ્રક્રિયામાં ભાગ લેશે. જેમાં આજે પ્રથમ દિવસે ૭૦૦ ઉમેદવારો કસોટી આપશે.

ત્યારબાદના દિવસોમાં ૧૨૦૦ ઉમેદવારો શારીરિક કસોટી આપશે. રજાના દિવસો બાદ દરરોજ ૧૬૦૦ ઉમેદવારો કસોટીમાં ભાગ લેશે. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૦૦ ઉમેદવારો એકસાથે રનિંગ ટ્રેક પર દોડશે. આશરે ૩૮૫ મીટરનો રનિંગ ટ્રેક બનાવવામાં આવ્યો છે. અને ૫,૦૦૦ મીટરની દોડ માટે ઉમેદવારોએ ૧૩ રાઉન્ડ ૨૫ મિનિટમાં પૂર્ણ કરવાના રહેશે.

ઉમેદવારો માટે કેન્ટીન અને શૌચાલય બોક્સની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા માટે ૨૫૦ જેટલા પોલીસકર્મીઓ તૈનાત રહેશે. ચેલા-૧૩ એસ.આર.પી. ગ્રુપના સેનાપતિ કોમલ વ્યાસ ગ્રાઉન્ડ પર સતત હાજર રહેશે.

મેડિકલ ટીમમાં ૧૦૮ એમ્બ્યુલન્સ જી.જી. હોસ્પિટલના ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફ સ્ટેન્ડબાય રહેશે. શારીરિક કસોટી માટે આવનાર અન્ય જિલ્લાના ઉમેદવારોને હાલાકી ન પડે તે માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગ્રાઉન્ડમાં ફક્ત શારીરિક કસોટી આપનાર ઉમેદવારોને જ પ્રવેશ મળશે.

કોઈપણ પ્રકારની ડિજિટલ વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભરતી પ્રક્રિયા સુચારુ રીતે થાય તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય કોઈને ગ્રાઉન્ડમાં પ્રવેશ મળશે નહીં. ઉમેદવારોની સુવિધા અને સુરક્ષા માટે એસ.ટી.બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ પોલીસ પેટ્રોલિંગ કરાયું છે.

# જામનગરના નાગનાથ ગેટ ચોકડી પાસે લટકતા વાયરોથી નવા બ્રિજની કામગીરી સામે સવાલો




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ કરાયા બાદ શહેરીજનોને મોટી સુવિધા મળી છે. પરિણામે લોકોને ટ્રાફિકમાંથી છુટકારો મળ્યો છે. જોકે આ બ્રિજ ખુલ્લો મુકાયાના થોડા સમય બાદ જ શહેરના નાગનાથ ગેટ સ્મશાન ચોકડી પાસે બ્રિજ પર લટકતા વાયરો જોવા મળતા કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. કરોડો ના ખર્ચે બનેલા બ્રીજના લટકતા વાયરને લઈને અકસ્માતનો ખતરો જોવા મળી રહ્યો છે.

# ખંભાળિયાના કંચનપુર પાસે કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા સાત વ્યક્તિને ઘાયલ

## તમામને નાની-મોટી ઈજા પહોંચતા સારવારમા ખસેડાયા : પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ



તસ્વીર : નિરજ દત્તાણી



ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના કંચનપુર ગામના પાટીયા પાસે મોટરકાર અને ઓટો રિક્ષા અથડાતા સાત વ્યક્તિને ઈજા પહોચતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ ઈજાગ્રસ્તોના પરિવારના સભ્યો વિગેરે ખબરઅંતર પૂછવા હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા તેમજ સ્થાનિક પોલીસ કાફલો પણ હોસ્પિટલ તથા ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફરિયાદ અંગેની તજવીજ શરૂ કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ખંભાળિયા પંથકના કંચનપુર ગામના પાટીયા પાસે જી. જે. ૩૭ યુ. ૮૮૩૨ નંબરની ઓટો રિક્ષા સાથે જી. જે. ૨૭. એ. એચ. ૩૮૯૩ નંબરની મોટરકાર અથડાઈ હતી જેથી સાત વ્યક્તિને શરીરે નાની-મોટી ઈજાઓ પહોચતા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ સરકારી એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો સ્થળપર અને હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને અકસ્માત અંગે ગુન્હો દાખલ કરવાની કાર્યવાહી આરંભી હતી.

# જામનગરમાં બાઈકના અવાઝના લીધે યુવાનના માથામાં હથોડી ફટકારી

જામનગર : જામનગરમાં બાઈકમાંથી અવાઝ આવવાના મામલે એક શખ્સે બાઈક ચાલક યુવાનના માથામાં હથોડી ફટકારી હુમલો કાર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા અને ચોકીદારી કરતા રમેશ લોકેશભાઈ કડાયત નામના ૨૬ વર્ષના નેપાળી યુવાને પોતાના માથામાં હથોડી ફટકારી માથું ફોડી નાખી ફેકચર સહિતની ઈજા પહોંચાડવા અંગે એક અજાણ્યા શખ્સ સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જયારે ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે, જ્યાં તેને માથામાં ટાકા લેવા પડયા છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી અને તેના મિત્રો વગેરે એક ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયા હતા, અને ત્યાંથી બાઈકમાં પરત આવી રહ્યા હતા જે દરમિયાન બાઈકનો અવાજ થવાના મામલે એક સ્થાનિક શખ્સ સાથે ઝઘડો થયો હતો, જેમાં ઉસકેરાઈ જઈ માથામાં હથોડી ફટકારી દેતા નેપાળી યુવાન ઘાયલ થયો છે. આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# ખંભાળિયામાં દારુ-બિયરની ૧૪૪૪ બોટલ પર બુલડોઝર




તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : ખંભાળિયા દ્વારકા જિલ્લા પોલીસ જયરાજસિંહ વાળાની અને માર્ગદર્શન હેઠળ નેસપી વિસ્મય માનસેતા પોલીસ સ્ટેશનોમાં રૂરી મુદ્દામાલનો નિકાલ સૂચના મુજબ ખંભાળીયા, સલાયા, વાડીનાર પોલીસ સ્ટેશનમાં બિનજરૂરી પેન્ડિંગ દારૂના જથ્થાનો નાશ કરવા કોર્ટમાંથી મંજૂરી મળવા અંગેની દરખાસ્ત તૈયાર કરાવી હતી. જે દરખાસ્ત મંજુર કરાવી અને મુદ્દામાલનો નાશ કરવા અંગેનો હુકમ મેળવી હુકમના આધારે ભાણવડ, ખંભાળીયા, સલાયા અને વાડીનાર પોલીસ સ્ટેશનના અલગ અલગ કુલ ૪૭ ગુનામાં પકડાયેલા અલગ અલગ બ્રાન્ડનો દારૂની બોટલો તથા બિયરોનો જથ્થો કુલ ૧૪૪૪ જેની કી.રૂ.૧૧,૭૨,૯૧૬ના કિંમતનો દારૂના જથ્થાનો ડીવાયએસપી વિસ્મય માનસેતા તથા પ્રાંત અધિકારી કે.કે.કરમટા તથા નશાબંધી અધિકારીની હાજરીમાં વિધિવત કાર્યવાહી હાથ ધરીને ઉપરોક્ત વિદેશી દારૂ અને બીયરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે.

# શ્રી દ્વારકાપુરી મંદિરે યોજાયો કુનવારા મનોરથ



તસવીર: સુનિલ ચુડાસમા

'છોટીકાશી' જામનગરમાં ખંભાળીયા ગેઈટ બહાર કિસાન ચોક પાસે આવેલ તથા શ્રી મોટી હવેલી સંચાલિત શ્રી દ્વારકાપુરી મંદિરે ગત વર્ષે જાન્યુઆરી મહિનામાં યોજાયેલ છપ્પન ભોગ મહોત્સવને એક વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રૂપે કુંનવારા મનોરથનું આયોજન કરવામાં આવ્યુ હતું. મુખ્યાજી રમેશભાઇ દ્વારા પુષ્ટી માર્ગીય પરંપરા અનુસાર ઠાકોરજી સમક્ષ વિવિધ ભોગ અર્પણ કરવામાં આવ્યા હતાં. બહોળી સંખ્યામાં ભક્તો મનોરથનાં દર્શનનો લાભ લઇ ધન્ય થયા હતાં.

# જામનગરમાં ચાલુ એકટીવામાં આગ લાગતા ચાલક છલાંગ લગાવી ઉતરી જતાં બચાવ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં હવાઈ ચોક વિસ્તારમાંથી બપોરે ચાર વાગ્યાના અરસામાં પસાર થઈ રહેલા જીજે ૧૦ ઈ.એ. ૬૧૭૨ નંબરના એકટીવા સ્કૂટરના ચાલક હિતેશ મહેતા કે જેઓના સ્કૂટરમાં વાયરીગમાં સૉર્ટસર્કિટ થવા ના કારણે એકાએક આગ લાગી હતી, તેથી તેણે પોતાનું સ્કૂટર સ્થળ પર જ મૂકી દીધું હતું, અને છલાંગ લગાવીને નીચે ઉતરી ગયો હતો.

જોતજોતામાં એકટીવા ભડકે બળ્યું હતું. ફાયર શાખાની ટુકડી તાબડતો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને બુજાવી હતી. પરંતુ તે પહેલા એકટીવામાં ભારે નુકસાન થયું છે.

# જામનગરના સોલાર પેનલ પ્રકરણમાં આરોપીઓએ ૧૦૦થી વધુ લોકોને દોઢસો કરોડનો ચુનો લગાવ્યો

## જામનગર-રાજકોટ-મોરબી જુનાગઢ-પોરબંદરના સહિતના શહેરોમાં નાણા ખંખેરી લીધા : રિમાન્ડ પુરા થતા પાંચેય આરોપી જેલ હવાલ

જામનગર : જામનગર શહેર જિલ્લા સહિતના ૧૦૦ થી વધુ લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સોલાર પેનલ કંપનીના નામે આકર્ષક જાહેરાત આપી નાણા પડાવી લઈ સોલાર પેનલ ફીટ નહી કરી આપનાર એક ટોળકીના પાંચ સભ્યોને સાઈબર સેલની ટુકડીએ ઝડપી લીધા બાદ રિમાન્ડ પર લીધા હતા, જે રિમાન્ડ દરમિયાન તેઓએ સૌરાષ્ટ્રભરમાં ૧૦૦ નાગરિકો પાસેથી અંદાજે દોઢ કરોડથી વધુ રૂપિયા ખંખેરી લીધા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે પાંચેયના રિમાન્ડ પુરા થતાં જેલ હવાલે કરાયા છે, જ્યારે મુખ્ય સૂત્રધારની શોધખોળ ચાલી રહી છે.

જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટીમેં સોલાર પેનલ ના નામે લોકો ના નાણાં પડાવી લેવા અંગેના પ્રકરણમાં તપાસમાં ઝુકાવ્યું હતું. જેમાં જાણવા મળ્યું હતું, કે એક સોલાર કંપનીની જાહેરાત આપનાર પાર્ટી કે જેઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને સસ્તા ભાવે સોલાર પેનલ લગાવી આપવાનું પ્રલોભન આપી તેના માટે બેન્કમાંથી લોન કરાવી દીધા બાદ નાણા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી નાખતા હતા, અને સોલાર પેનલ ફીટ નહી કરી આપી, છેતરપિંડી કરી હતી. જે પ્રકરણમાં પાંચ સભ્યોને ઝડપી લીધા છે.

જે ટોળકીએ ઈન્ફીટી સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સોલાર પેનલની ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત આપી કંપનીના નામે લોકો સાથે સાયબર ઠગાઈ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. અને આરોપીઓએ કુલ ૧૦૦ કરતાં વધુ લોકો સાથે સાયબર ફ્રોડ આચરી, સોલાર પેનલ ખરીદવાના બહાને લોન અપાવી, તે રકમ પોતાના અંગત બેંક ખાતામાં મેળવી હતી. ત્યારબાદ સોલાર પેનલ સ્થાપિત ન કરી, છેતરપિંડીથી મેળવેલ નાણાં પોતાના અંગત લાભ માટે વાપર્યા હતા.

જે પ્રકરણમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં જામનગરમાં રહેતા હિરેનભાઈ નાથાલાલ લાઠીયા, ચેતનભાઈ અશોકભાઈ પાણખાણીયા, રાહુલભાઈ રાજેન્દ્રપ્રશાદ ભટ્ટ, અભયભાઈ જીતેન્દ્રભાઈ પરમાર રામજીની અટકાયત કરી તમામને અદાલત સમક્ષ રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ પર લેવાયા હતા.



તસવીર: સુનિલ ચુડાસમા

પોલીસની પૂછપરછ દરમિયાન તેઓએ જામનગર શહેર અને જિલ્લા ઉપરાંત રાજકોટ, મોરબી, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ- દ્વારકા સહિતના સ્થળોએ અંદાજે ૧૦૦ થી વધુ નાગરિકોને સોલાર પેનલ ફીટ કરવાના બહાને શિશામાં ઉતાર્યા હતા, અને બેંક લોન કરાવી આપવાના બહાને તેઓની અંદાજે દોઢ કરોડની રકમ તમામ આરોપીઓએ પડાવી લીધી હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

આ પ્રકરણના મુખ્ય સૂત્રધાર જામનગરના વતની અને સોલાર પેનલની પેઢીના માલિક કાનાભાઈ બૈડીયાવદરાની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવામાં આવી રહી છે. અને પાંચેય આરોપીઓના રિમાન્ડ પુરા થતાં તેઓને જેલ હવાલે કરી દેવાયા છે.